એફએસના સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત એક વર્ષ માટે

# એમ બી પટેલ અંગ્રેજી સ્કૂલના બે વિદ્યાર્થીઓ અમેરિકાની રાહે



ગાંધીનગર, તા. ૩૦

એએફએસના સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલના બે વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને અભ્યાસ માટે અમેરિકા જઈ રહ્યા છે.

શાળા પરિવાર દ્વારા બંને વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ મુજબ તિલક કરી, હાર પહેરાવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે છેલ્લાં ૧૧ વર્ષથી નિયમિત રીતે આ શાળામાં બે વિદ્યાર્થીઓ વિદેશથી અભ્યાસ માટે આવે છે અને આ શાળાના વિદ્યાર્થીઓ પણ વિદેશમાં અભ્યાસ માટે જાય છે.

આ વર્ષે ધોરણ-૧૦ના વિદ્યાર્થી તુષિલ રાજીવભાઈ ચાવડા અને ધોરણ-૧૧ના વિદ્યાર્થી વિરેન્દ્રસિંહ કરણસિંહ વાઘેલા આ પ્રોગ્રામ માટે પરીક્ષા પાસ કરી અમેરિકા માટે પસંદગી પામ્યા છે, જેઓ એક વર્ષ અમેરિકામાં સ્થાનિક પરિવાર સાથે રહેશે અને ત્યાંની શાળામાં અભ્યાસ કરશે.

સમગ્ર શાળા પરિવાર વતી એએફએસ, ગાંધીનગર પ્રમુખ ડૉ. વર્ષા પારેખ અને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને બંને વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સ્કૂલમાં 'વેસ્ટમાંથી બેસ્ટ' સ્પર્ધા યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૩૦

વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શક્તિ ખીલે તે હેતુસર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સ્કૂલ ખાતે 'વેસ્ટમાંથી બેસ્ટ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૯માં અભ્યાસ કરતા ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાની સર્જનાત્મક શક્તિનો પરિચય આપ્યો હતો.

આ સ્પર્ધામાં અનુક્રમે હર્ષિકાબા ઝાલા, આસ્થા પટેલ અને હર્ષ વાઘેલા વિજેતા બન્યા હતા, જેમને શાળા તરફથી પ્રોત્સાહક ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

આચાર્ય વિનોદભાઈ પટેલે વિદ્યાર્થીજીવન માટે ઉપયોગી એવા આ ઉપક્રમના આયોજન બદલ વિદ્યાર્થીઓને, શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

## બીબીએ કૉલેજના ૬૬ વિદ્યાર્થીઓ આણંદની પ્રતિષ્ઠિત આર્કોગુલ કંપનીની ઔદ્યોગિક મુલાકાતે




ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશનના ૧૭૮ વિદ્યાર્થીઓએ ત્રણ દિવસ અલગ અલગ બેચ મુજબ પ્રતિષ્ઠિત આર્કોગુલ કંપનીની મુલાકાત લીધી હતી.

કંપનીની તમામ માહિતી વિદ્યાર્થીઓને હર્ષદભાઈ પટેલ અને અંકીતભાઈ દ્વારા આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ સંચાલનના સિદ્ધાંતોને આ પ્રકારના વ્યવસાયોમાં કઈ રીતે વ્યહવારુ રીતે અમલી બનાવી શકાય તેની તલસ્પર્શી માહિતી પ્રાપ્ત કરી હતી. સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓની ટેક્નિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ.રમાકાન્ત પ્રસ્ટીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો. શીતલ પટેલ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.


### જન્મદિને વધામણી




દક્ષરાજસિંહ અંબુસિંહ ગોલ



અદિશ્રી અર્પિત જોશી



નમ્રતા સી શુક્લ



સ્મિતા રાજેશકુમાર દુલેરા

## એસ. કે. પટેલ સ્કૂલમાં હિન્દી કવિતા સ્પર્ધા



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ સ્કૂલમાં હિન્દી કવિતા સ્પર્ધા યોજવામાં આવી હતી. બાળકોએ કાલીઘેલી ભાષામાં, સાથે સંબંધિત પ્રૉપર્ટીઝ લઈને કવિતાઓની પ્રસ્તુતિ કરી હતી. આ પ્રસંગે આચાર્ય દિપાલી જોષીએ ઉપસ્થિત રહી બાળકોને અભિપ્રેરણ પૂરું પાડ્યું હતું.

૧૨૩મી જન્મજયંતીએ જન્મભૂમિ ચોટીલા ખાતે

# ઝવેરચંદ મેઘાણીને ભાવાંજલી અર્પણ કરાઈ



રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૩મી જન્મજયંતીએ એમને જન્મભૂમિ ચોટીલા ખાતે ત્રિવિધ કાર્યક્રમો દ્વારા ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

સતત ૧૦મા વર્ષે યોજાયેલ 'મેઘાણી વંદના' (કસુંબલ લોકડાયરા)માં ગુજરાતના ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ, રાધાબેન વ્યાસ અને નીલેશ પંડ્યાએ ઝવેરચંદ મેઘાણી રચિત-સંપાદિત ગીતો-લોકગીતો-ભજનોની રમઝટ બોલાવી હતી. હાસ્યકાર હરિસિંહ સોલંકી, પોતાની આગવી શૈલીમાં, રસપ્રદ સંચાલન કર્યું હતું. જાણીતા સંગીતકાર પંકજ ભટ્ટનું સૂરીલું સંગીત નિયોજન હતું. વિશ્વભરમાં વસતાં ચાર લાખથી વધુ ભાવિકોએ આ સ્વરાંજલિ કાર્યક્રમને ઈન્ટરનેટ પર પણ માણ્યો હતો.

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ગ્રંથાલય ખાતા દ્વારા જન્મસ્થળની સામે આવેલ સરકારી તાલુકા પુસ્તકાલય ખાતે સમગ્ર 'મેઘાણી-સાહિત્ય' પુસ્તક પ્રદર્શનનું પણ ખાસ આયોજન કરવામાં આવ્યું હતું, જેની મોટી સંખ્યામાં સાહિત્ય-પ્રેમીઓએ મુલાકાત લીધી હતી.

# સોફ્ટવેર એન્જીનિયર બનવા શું કરવું?




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે સુરત, અમદાવાદ, અને બનાસકાંઠાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

સોફ્ટવેર એન્જીનિયર બનવા શું કરવું ?

**૧. હું ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું.સોફ્ટવેર એન્જીનિયર બનવા શું કરવું?**

**- સાહિલ શેખ, હિંમતનગર**

સાહિલ, સૌપ્રથમ તો આપે સૉફ્ટવેર ડેવલોપર એ એન્જિનિયર ના અનેક ક્ષેત્ર માનું એક છે. માટે સૉફ્ટવેર ડેવલોપર બનવા માટે આપે ૧૨ સાયન્સ પછી કોમ્પ્યુટર અથવા આઈ.ટી એન્જિનિયર નો કોર્સ કરવો જરૂરી છે.એ સિવાય આપ બી.સી.એ અને પછી એમ.સી.એ પણ કરી શકો છો.ત્યાર બાદ પણ આ ક્ષેત્ર માં અનેક વિભાગ હોય છે જેમ કે સૉફ્ટવેર ડિઝાઈનર,સૉફ્ટવેર પ્રોગ્રામર,ડેવલોપર,હાર્ડવેર એંજિનિયર ,ક્વોલિટી મેનેજર વગેરે.આપ સૉફ્ટવેર ડેવલોપર તરીકે કારદિર્દી બનાવવા માંગો છો તો સૌપ્રથમ તો આપે વિવિધ પ્રોગ્રામ અને અલ્ગોરિધમ વિશે ઊંડાણ પૂર્વક અભ્યાસ જરૂરી બની રહેશે.એ માટે વિવિધ પ્રોગ્રામિંગ ભાષા નો ઉપયોગ થાય છે જેમ કે જાવા, પીએચપી, ડોટ નેટ,પાઈથન,સી પ્લસ પ્લસ વગેરે.આપ આ બધા માંથી કોઈ



એક ભાષા પર પોતાનું પ્રભુત્વં જમાવી ને એના ઉપર સંશોધન કરી ને નવા નવા સૉફ્ટવેર અને વેબસાઈટ તૈયાર કરી શકો છો.એ માટે આપે વિવિધ અલ્ગોરિધમ અને કોડિંગ ઉપર પણ કામ કરવાનું થાય છે.બની શકે કે પ્રથમ પ્રયત્ને આપ સફળતા પ્રાપ્ત ના પણ કરી શકો પણ વધુ માં વધુ કોડિંગ ની પ્રેક્ટિસ કરી અને અલ્ગોરિધમ નો અભ્યાસ કરી આપ એક ચોક્કસ સારા ડેવલોપર બની શકો છો.એક સારી કોલેજ માંથી જો તમે એંજિનિયર નો કોર્સ કરી આગળ વધો છો તો ચોકકસ પણે આપને એક રાષ્ટ્રીય કક્ષા ની આઈ.ટી સંસ્થા માં અથવા વિદેશ માં પણ સારી જોબ મેળવી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

**પ્રશ્ન - ૨ : હું બી.એસ.સી માં અભ્યાસ કરું છું.અંગ્રેજી ફ્લૂએંટલી એટ્લે કે સારી રીતે અને ઝડપી બોલવા માટે શું કરવું જોઈએ?**

**- રચના દેસાઇ, ગાંધીનગર**

રચના,અંગ્રેજી માં તકલીફ મોટાભાગ ના વિદ્યાર્થીઓને થતી હોય છે.અંગેજી ટૂંક સમય માં સુધારવું મુશ્કેલ છે પણ અશક્ય નથી.શરૂઆત કરો રોજ એક કલાક અંગ્રેજી છાપું વાંચવાની.જે શબ્દો માં ખબર ના પડે એ શબ્દો નું લિસ્ટ બનાવો અને તેના સમાનર્થી અને વિરુદ્ધાર્થી ડીક્સનરી માંથી શોધી ને લખો અને તૈયાર કરો.આમ કરવાથી આપનો અંગ્રેજી ભાષા નો શબ્દકોશ વધશે.કોઈ પણ ભાષાનો



શબ્દકોશ જેટલો આપ વધુ આપ જાણતા હશો એ ભાષા એટલી જ સરળતા થી આપ લખી અને બોલી શકસો. એ સિવાય રોજ-બરોજ ઉપયોગ માં લેવાતા શબ્દો નું લિસ્ટ બનાવો અને એને અંગ્રેજી માં બોલવાની નિયમિત પ્રેક્ટિસ કરો.આ સિવાય સૌથી અગત્ય નું પાસું છે આત્મવિશ્વાસ .આપ આપના મિત્રો અને પરિવાર ના સભ્યો સાથે પૂરા આત્મવિશ્વાસ સાથે અંગ્રેજી માં વાત ચિત કરવાની કોશિશ કરો.શરૂઆત માં કદાચ તકલીફ પડી શકે છે પણ નિયમિત પ્રેક્ટિસ ચાલુ રાખવી જરૂરી છે.શરૂઆત માં આપના થી ભૂલ થઈ શકે છે પણ એનાથી ડરવાની કોઈ જરૂર નથી.ભૂલ ને સુધારી ને ફરીથી એ જ વાક્ય અથવા શબ્દો ને આપ ઉપયોગ માં લઈ શકો છો.જેથી ભવિષ્ય માં આપ કોઈ સારા લેવલ પર કામગીરી કરતાં હો તો આપના થી એ ભૂલ નું પૂનરાવર્તન ન થાય.એ સિવાય ઓનલાઈન પણ અનેક એપ્લિકેશન અથવા વિડીયો ની સહાય લઈ શકો છો.અમુક એપ્લીકેશન માં આપણે શબ્દો મે અર્થ ની સાથે સાથે એ શબ્દ ના ઉચ્ચારણ પણ આપેલ હોય છે એનો આપ ઉપયોગ કરી શકો છો.કારણકે અમુક શબ્દો એવા હોય છે કે એ જે પ્રમાણે લખાય છે એ પ્રમાણે બોલાતા નથી જેમ કે "Honest", જેનું ઉચ્ચારણ આપણે "ઓનેસ્ટ" કરીએ છીએ નહીં કે 'હોનેસ્ટ'.આવા અનેક શબ્દો છે જે આપ શીખી શકો છો.આમ આપ નિયમિત અને આત્મવિશ્વાસ સાથે જો પ્રેક્ટિસ કરશો તો આપ ચોક્કસ આપની અંગ્રેજી ભાષા સરળતા થી અને ઝડપી બોલી શકો છો. શુભેચ્છાઓ, એક ઉજ્જવળ ભવિષ્ય માટે.

**૩. હું ધોરણ૧૨ કોમેર્સમાં અભ્યાસ કરું છું. માસ કમ્યુનિકેશનના કોર્સ વિષે માહિતી આપશો. શું આ કોર્સ કરવો યોગ્ય છે?**

**- કિશન રાણા, અમદાવાદ**

કિશન, આપ ચોક્કસ આ કોર્સ કરી શકો છો, જો આપને આ કોર્સમાં રસ હોય તો! આ કોર્સ આપ ધોરણ ૧૨ પછી કરી શકો છો. આ કોર્સમાં મુખ્યત્વે આપને બી.એ. (માસ કમ્યુનિકેશન) અથવા બી.એમ.સી. એટ્લે કે બેચલર ઓફ માસ કમ્યુનિકેશનની ડિગ્રી મળતી હોય છે. આના સિવાય બેચલર ઓફ જર્નાલિઝમ અને વિષય પ્રમાણે સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સ પણ હોય છે જેમાં એક્ટીંગ, ફિલ્મ ડિરેકશન, સિનેમેટોગ્રાફી, ઓડિયોગ્રાફી, સાઉન્ડ રેકોર્ડિંગ,



એડીટીંગ, ડ્રામેટિક્સ, આર્ટસ, એનીમેશન, સ્ક્રીનપ્લે, લેખન, ફોટોગ્રાફી, વિગેરે ઉપરાંત મીડીયાને લગતા વિષયોનો સમાવેશ થાય છે. ભારતમાં 'માસ કોમ્યુનીકેશન'ની જે કોલેજો છે એમાં ટોચની ૧૦માં અમદાવાદની 'મુદ્રા ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્યુનિકેશન'' (માઈકા( પહેલા નંબરે ગણાય છે. મુદ્રા ઈન્સ્ટીટ્યુટમાં મોટાભાગે અનુસ્નાતક કોર્સ અથવા તો સર્ટિફિકેટ કોર્સ જ કરવવામાં આવે છે. એ સિવાય અન્ય કોલેજ એશિયન કોલેજ ઓફ જર્નાલિઝમ, જામીયા મીલીઆ ઈસ્લામીઆ, સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મીડિયા એંડ કમ્યુનિકેશન, સેંટ જેવિયર્સ, વિગેરે કોલેજનો સમાવેશ થાય છે. બી.એ. માસ કમ્યુનિકેશન ગ્રેજ્યુએટ્સને ટીવી કોરસપોન્ડન્ટ, પત્રકાર, લેખક, ફેશન ફોટોગ્રાફર, ફોટોજર્નલિસ્ટ, પ્રોડક્શન વર્કર, ફિલ્મ ડિરેક્ટર, પબ્લિક રિલેશન્સ ઑફિસર, રેડિયો જોકી (આરજે), વિડીયો જોકી (વીજે), સ્ક્રિનલેખક, રિપોર્ટર, સાઉન્ડ સ્પેશિયાલિસ્ટ જેવી ક્ષમતાઓમાં રાખવામાં આવે છે. મીડિયા, માસ કોમ્યુનિકેશન જેવાં ક્ષેત્રોમાં શુદ્ધ ઉચ્ચારણ અને ભાષા ઉપર પ્રભુત્વ જરૂરી છે અને આ કોર્સ એ કૌશલ્ય આપે છે. એ સિવાય આપની અંદર સર્જનાત્મકતા હોવી જરૂરી છે જે તમને ચોક્કસ મદદરૂપ થશે.અને એક જરૂરી વાત એ પણ છે કે આ ક્ષેત્રમાં ધીરજ રાખવું ખૂબ જરૂરી છે કારણકે બની શકે આ ક્ષેત્રમાં સફળતા મળતા વાર લાગે પણ જો આપ ધીરજ જાળવી આપના ધ્યેયને વળગી રહેશો તો ચોક્કસ સફળતા ને પ્રાપ્ત કરી શકશો. દરેક રાજ્યની સરકાર અને કેન્દ્ર સરકારમાં પણ કમ્યુનિકેશન પ્રોફેશનલ્સની ડિમાન્ડ હોય છે. આમ આ કોર્સ ખૂબજ સરસ છે, કોમ્પિટિશન ઓછી છે અને જો આપ રસ ધરાવતા હોવ તો આ ક્ષેત્ર આપના માટે ખુબ લાભદાયી બની શકે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner

## વાત કસોટીની

આશ્રમની હસ્તીને હજુ થોડા જ મહિના થયા હતા, તેટલામાં જેવી મને આશા નહોતી તેવી અમારી કસોટી થઈ. ભાઈ અમૃતલાલ ઠક્કરનો કાગળ મળ્યો: 'એક ગરીબ અને પ્રામાણિક અંત્યજ કુટુંબ છે. તેની ઈચ્છા તમારા આશ્રમમાં આવી રહેવાની છે. તેને લેશો?'

હું ભડક્યો ખરો. ઠક્કરબાપા જેવાની ભલામણ લઈને આવનાર અંત્યજ કુટુંબ આટલું વહેલું આવે એવી મેં મુદલ આશા રાખી નહોતી. સાથીઓને કાગળ વંચાવ્યો. તેમણે વધાવ્યો. તે કુટુંબ આશ્રમના નિયમ પાળવા તૈયાર હોય તો તેને લેવાની તૈયારી ભાઈ અમૃતલાલ ઠક્કરને જણાવી.

દૂદાભાઈ, તેમનાં પત્ની દાનીબહેન અને રીખતી ધાવણી લક્ષ્મી આવ્યાં. દૂદાભાઈ મુંબઈમાં શિક્ષકનું કામ કરતા હતા. નિયમોનું પાલન કરવા તૈયાર હતા. તેમને આશ્રમમાં લીધા.

સહાયક મિત્રમંડળમાં ખળભળાટ થયો. જે કૂવામાં બંગલાના માલિકનો ભાગ હતો તે કૂવામાંથી પાણી ભરવામાં અડચણ આવવા લાગી. કોસવાળાને અમારા પાણીના છાંટા અડે તો તે અભડાય. તેણે ગાળો શરૂ કરી, દૂદાભાઈને પજવવાનું શરૂ કર્યું. ગાળો સહન કરવાનું ને દઢતાપૂર્વક પાણી ભરવાનું જારી રાખવાનું મેં સહુને કહી દીધું. અમને ગાળ સાંભળતા જોઈ કોસવાળો શરમાયો ને તેણે છેડ મૂકી. પણ પૈસાની મદદ તો બંધ થઈ. (ક્રમશઃ)

૧૫૦ ગાંધીયાત્રા



'સત્યના પ્રયોગો'માંથી સાભાર